# યાત્રાધામ ઢીમામાં ગટર વ્યવસ્થાનો અભાવ

બનાસકાંઠા, તા. ૧૯
'આઝાદ ભારત'માં પણ 'ગુલામીમાં' જીવે છે અને એ ગુલામી





કંઈ અંગ્રેજોની નથી પરંતુ પ્રાથમિક સુવિધાઓ વિના લોકો મુશ્કેલીઓ અનુભવે છે. ભારત દેશને આઝાદીને મળ્યાંને આટલાં વર્ષો પછી પણ બનાસકાંઠામાં આવેલાં અને ભારત પાકિસ્તાન બોર્ડરથી લગભગ ૭૦ કિમીએ દૂર આવેલાં લગભગ ૮ થી ૧૦ હજારની જનસંખ્યાં ધરાવતું પવિત્ર યાત્રાધામ ઢીમા ધામે અહીંયા પ્રાથમિક સુવિધાઓનાં નામે મીંડું છે. જ્યારે ગટર વ્યવસ્થા, રોડ-રસ્તાઓ, જાહેર શૌચાલય કે યાત્રાળુઓ માટે સ્નાનઘર, બસસ્ટેન્ડ, સ્ટ્રીટલાઈટ સહિતની અનેક પ્રાથમિક સુવિધાઓનો અભાવ છે. જ્યારે ગટર વ્યવસ્થાનાં અભાવે લોકોનાં ઘરોમાંથી ગંદુ પાણી જાહેર રસ્તાઓ પર આવતાં રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત છે. જ્યારે આરોગ્ય વિભાગ દ્વારા જાહેર રસ્તાઓ પર ગંદકી કરતાં લોકો વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. જ્યારે પવિત્ર યાત્રાધામ ઢીમા ધામે લાખ્ખો લોકો દર્શનાર્થે આવે છે ત્યારે તંત્રની ઘોર લાપરવાહી સામે રોષે ભરાય છે. પગપાળા અને દંડવત કરતાં લોકોને ખૂબ જ મુશ્કેલીઓ ભોગવવી પડે છે. જ્યારે બારે માસ જાહેર રસ્તાઓ પર ચોમાસાં જેવો માહોલ જોવા મળે છે. અને પરિણામે યાત્રાળુઓ અને ગ્રામજનોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જ્યારે ગુજરાતમાં અનેક નાના મોટા ગામડાંઓનો ખુબજ મહત્વપૂર્ણ રીતે વિકાસ થયો છે. પરંતુ પવિત્ર યાત્રાધામ ઢીમામાં આજદિન સુધી કોઈપણ પ્રાથમિક સુવિધાઓ મળી નથી. જ્યારે આ બાબતે સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે રાજ્ય સરકાર સૌનો સાથ અને સૌનો વિકાસની વાતો કરે છે પરંતુ અહીંયા સાથ તો બધાં લોકોનો છે. પરંતુ વિકાસ નથી કોઈનો. આ બાબતે સ્થાનિકોએ જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લાનું વહીવટી તંત્રની અને સ્થાનિક ગ્રામપંચાયતની ઘોર ઉદાસીનતા છતી થાય છે કારણ કે વડાપ્રધાન ભારત દેશને સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત દેશને સ્વચ્છ બનાવવાની વાત કરી રહ્યાં છે જ્યારે બનાસકાંઠા જિલ્લાનાં નામાંકિત યાત્રાધામ અને બનાસકાંઠા જિલ્લાનું બીજાં નંબરનું ધામ ગણાય છે છતાં પણ અહીંયા પ્રાથમિક સુવિધાઓનો અભાવ વર્તાય છે. અને પવિત્ર યાત્રાધામ ઢીમામાં જાહેર રસ્તાઓ પર ગંદકીથી ધામની ગરિમા લજવાય છે. કરતાં લોકો વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરી ગ્રામપંચાયત દ્વારા પગલાં ભરવામાં આવે તેવી સ્થાનિક લોકોની માંગ ઉઠી છે.

### ભાખરી સપ્રેડાના જાહેર રસ્તામાં જાણે બારે માસ ચોમાસુ

પવિત્ર યાત્રાધામ ઢીમામાંથી બહાર નીકળવામાં માટેનો ભાખરી સપ્રેડા ઓડવાસમાંથી પસાર થવું એટલે મહામુસીબત કારણ કે ગ્રામપંચાયતની અણઆવડતથી આ રસ્તો ગંદકીનું ધામ બન્યો છે. સ્થાનિકોએ વાંરવાર રજુઆત કરવાં છતાં આજદિન સુધી કોઈ પગલાં ભરાંયાં નથી.

# મોડાસા ટાઉન પોલીસ અને શાકભાજીની લારીવાળા ફેરિયાઓ વચ્ચે સંતાકૂકડી

## મોડાસા બસ સ્ટેન્ડથી ચાર રસ્તા વચ્ચે પોલીસ અને લારીઓવાળાની નાસભાગથી છવાતો ભયનો માહોલ

મોડાસા, તા. ૧૯
અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ટ્રાફિકમાં દિન પ્રતિદિન નોંધપાત્ર વધારો થવાની સાથે લોકો માટે માથાનો દુખાવો બની ગયો છે મોડાસા ટાઉન પોલીસ ના ટ્રાફિક હટાવવા બાબતે શખ્ત કાર્યવાહી કરતી હોવાનો દેખાવ કરતી હોય તેમ પોલીસ અધિકારી, પોલીસ જવાનો, ટીઆરબી જવાનો, પોલીસ જીપ અને ટોઈંગના વાહનો લઈ સાંજના સુમારે મોડાસા ચાર રસ્તાથી મખદૂમ ચોકડી કરવામાં આવતા નગરજનો અને રાહદારીઓમાં ભારે આનંદ છવાયો હતો. પરંતુ મોડાસા ટાઉન પોલીસ તંત્રની કામગીરીથી ફેરિયાઓ ટેવાઈ ગયા હોય તેમ મોડાસા ટાઉન પોલીસનો કાફલો ટ્રાફિક હટાવવા નીકળે એટલો સમય રોડની આજુબાજુમાં રહેલી દુકાનો અને ગલીઓમાં ઘુસી જવા ભારે દોડધામ કરી ઘુસી જવાની સાથે પોલીસ કામગીરીથી બચાવમાં સફળ રહે છે. કેટલાક પોલીસની ટ્રાફિક કામગીરીથી અજાણ ફેરિયાઓ પોલીસની ઝપટે ચડી જતા તેમને



સુધી ટ્રાફિક હટાવો કવાયત હાથ ધરાતા આ વિસ્તારમાં ઉભા રહેતા શાકભાજી અને ફ્રૂટ સહીત અન્ય ચીજવસ્તુઓ વેંચતા લારી વાળા ફેરિયાઓમાં ભારે દેકારો મચી જવાની સાથે રોડ પર લારીઓ સાથે દોડધામ કરતા રોડ પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓમાં ભારે ભયનો માહોલ પેદા થવાની સાથે અકસ્માતનો ભય પણ સતાવી રહ્યો છે. પોલીસ કાફલો જતો રહેતાની સાથે ફરીથી ફેરિયાઓ લારી સાથે રોડ પર અડિંગો જમાવી દેતા જાણે પોલીસતંત્ર અને ફેરિયાઓ સંતાકૂકડી રમતા હોય તેવા દ્રશ્યો રોજનો ઘટનાક્રમ બની ગયો નગરજનો ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ આવે તેવી ઉગ્ર માંગ કરી રહ્યા છે.

મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમા પીઆઈનો ચાર્જ ભાટીયાએ સંભાળતાની સાથે જ મોડાસા શહેરના મુખ્યમાર્ગ ચાર રસ્તાથી મખદૂમ ચોકડી સુધી રોડ અડિંગો જમાવી ઉભા રહેતા શાકભાજી, ફ્રૂટ સહીત કટલરી જેવી અન્ય ચીજ વસ્તુઓ વેંચતા લારીવાળા ફરિયાઆથી સર્જાતી ટ્રાફિક સમસ્યા દૂર કરવા અને ફેરિયાઓને હટાવવા શખ્ત કાર્યવાહી દંડનીય કાર્યવાહી ભોગવવી પડે છે પરંતુ મોડાસા ટાઉન પોલીસની ચોક્કસ સમયની કામગીરીથી ટ્રાફિક સમસ્યામાં કઈ ફર્ક પડતો નથી અને ટ્રાફિકની સમસ્યા જેમની તેમ જોવા મળે છે. પોલીસ કાફલો ટ્રાફિક હટાવવાની કામગીરી પૂર્ણ થતાની સાથેજ રોડ પર ફરીથી લારીવાળા ફેરિયાઓ અડિંગો જમાવી દેતા લોકો પોલીસની કામગીરી સામે અનેક સવાલો પેદા કરે છે. મોડાસાના પ્રજાજનો ટ્રાફિક સમસ્યાનું કાયમી ધોરણે સમાધાન કરવાની સાથે મોડાસા ચાર રસ્તાથી મખદૂમ ચોકડી સુધી પોલીસ જવાનો અને ટ્રાફિક જવાનોને અમુક અંતરે ફરજ સોંપવામાં આવે તેવી તીવ્ર માંગ પ્રબળ બની છે.

અત્રે ઉલ્લેખનીય છે કે મોડાસા ટાઉન પોલીસમાં નવો ચાર્જ સંભાળતાની સાથેજ પીઆઈ અને પીએસઆઈ દ્વારા ટ્રાફિક સમસ્યાની કામગીરીનો કેટલાક દિવસો સુધી શખ્ત અમલવારી કરવામાં આવતી હોય છે. ત્યારબાદ અગમ્ય કારણોસર કામગીરી મૃતપાય હાલતમાં જોવા મળતા લોકો અને શાકભાજીની લારીવાળા ફેરિયાઓ પણ અધિકારીઓની કામગીરીથી વાકેફ હોય તેવું લાગી રહ્યું છે

# કમાલપુરામાં દુકાનદાર રાશન આપતો ન હોવાની રાવ

પાલનપુર તાલુકાના કમાલપુરાની સસ્તા અનાજની દુકાન સેદ્રાસણ ગામે આવેલી છે. આ દુકાનદાર આધારકાર્ડ- ફિંગરપ્રિન્ટ વિના રાશન આપતો ન હોવાની રાવ ઉઠી છે. ત્યારે ગ્રામજનોએ પાલનપુર દોડી આવી જિલ્લા કલેકટર કચેરીએ રજૂઆત કરી હતી.

પાલનપુર તાલુકાના કમાલપુરાના ગ્રામજનો પાલનપુરની કલેક્ટર કચેરીએ દોડી આવ્યા હતા. જ્યાં તેઓએ અધિક કલેકટરને લેખિતમાં રજૂઆત કરી હતી. જેમાં કમાલપુરાના નાગરિકો માટે પંડિત દીનદયાળ સસ્તા અનાજ ની દુકાન સેદ્રાસણ ગામે ફાળવવા માં આવી છે. જોકે, દુકાનદાર દીલબરભાઇ કરીમભાઇ સુણસરા કોઇ ગ્રાહકની ફિંગર પ્રિન્ટ આવતી ન હોય કે આધારકાર્ડ ન હોય તો તેમને રાશન આપતા નથી. જ્યારે સુપ્રિમ કોર્ટનો આદેશ છે કે, ૩૧-૦૩-૧૮ સુધી કોઇ પણ જગ્યાએ આધારકાર્ડ ફરજીયાત માંગી શકાય નહી. આ ઉપરાંત નાયબ સચિવ (યુ.આઇ.ડી) અને સ્ટેટ નોડલ અધિકારી સામાન્ય વહિવટના પરિપત્ર મુજબ આધાર કાર્ડના અભાવે કોઇ મળવાપાત્ર લાભથી વંચિત ન રહે તેવું જણાવાયું છે.

# પ્રાંતિજ તાલુકાની ગ્રામ પંચાયતોની સરપંચ સહિત સભ્યોની ફેબ્રુઆરીમાં સામાન્ય ચૂંટણી

## સરપંચ-સભ્ય બનવા માટે ઉમેદવારોનો રાફડો : મહિલા અને યુવાનોમાં ભારે ઉત્સાહ

પ્રાંતિજ, તા. ૧૯
સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાની ગ્રામ પંચાયતોના સરપંચ સહિત સભ્યોની પાંચ વર્ષની મુદતો ઉમેદવારી માટેનો મોટો રાફડો પ્રાંતિજ મામલતદાર ઓફિસ તેમજ તાલુકા પંચાયતમાં ઉમટી રહ્યો છે. ખાસ કરીને સરપંચ તેમજ સભ્યો કુલ ૪૩૫૭૯ મતદાતાઓ પોતાની પંચાયતોના સુકાનીઓને ચૂંટણીમાં વિજયી બનાવી સૂકાન પદ સોંપશે અને લોકશાહીને મજબૂત બનાવશે.



પુર્ણ થતાં તાલુકાની ૨૧ સરપંચ માટેની તેમજ ૧૬ જેટલા ગામોમાં વોર્ડની ખાલી પડેલ સભ્યો માટેની સામાન્ય ચૂંટણી આગામી ફેબુઆરી માસમાં યોજાનાર છે અને અત્યારે સરપંચ તેમજ વોર્ડના સભ્યો માટેની માટેની ઉમેદવારીમાં યુવાનો તેમજ મહિલાઓનો ભારે ઉત્સાહ ફોર્મ ભરતી વખતે દેખાવા માંડ્યો છે.

પ્રાંતિજ તાલુકાની પંચાયતોમાં પુરૂષ મતદારો ૨૨૬૩૯ છે જયારે સ્ત્રી મતદારો ૨૦૯૪૦ જેટલાં મળી

પંચાયતોમાં સરપંચ બનવા માટેની ભારે રસાકસીની સ્પર્ધામાં તમામ ગામડાઓમાં રાત્રીના અને દિવસોમાં વ્યક્તિગત સંપર્કો તેમજ ખાટલા, ઓટલા પરિષદો યોજાઇ રહી છે. તો ચૂંટણી જાહેર થતાં જ ચા-નાસ્તાની મિજબાનીઓ પણ શરૂ થઈ ગઈ છે. મતદારો પણ ઉમેદવારોને મન કરવા દેતા નથી ને તમામને હા, ચોક્કસ, સહકારની ખાત્રીઓ આપી રહ્યાં છે. કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં દેશી દારૂની પણ જિફાયતો ચાલુ થઈ ગઈ છે. તો કેટલાક ગામોની મીર્ટીગોમાં ચૂંટણી દરમ્યાન દારૂ વેચવા પીવડાવવા ઉપર પ્રતિબંધો પણ થઈ રહ્યાં છે.

શાણા મતદારો તા.૪થી ફેબ્રુઆરીએ યોજાનાર ચૂંટણીમાં ભારે ઉત્સાહથી મતદાન કરશે અને જ્ઞાતિવાદ, જૂથવાદ, કોમવાદને તિલાંજલી આપશે છે કે કોમ, જ્ઞાતિ ઉપર વિજયના દાવા કરનારાઓને બરાબરનો પાઠ ભણાવશે એ તો પરીણામ તા. ૭ ફેબુઆરીએ આવશે ત્યારે જ ખબર પડશે કે વિકાસ કામોનો વિજય થાય છે કે વેર-ઝેરના વાવેતર કરનાર જ્ઞાતિ, કોમવાદને ધડમૂળથી ઉથેડી ફેંકી દેવાય છે.

# રાજ્યના ૧૩૭ કેન્દ્રો પરથી મગફળીના ટેકાના ભાવે ખરીદીની પ્રક્રિયા ચાલુ જ છે

પાલનપુર, તા. ૧૯
રાજ્યમાં મગફળીના થયેલ મબલખ ઉત્પાદન સંદર્ભે ગુજરાત સરકારે લાભપાંચમથી જ નાફેડ દ્વારા ટેકાના ભાવે ખરીદી શરૂ કરી છે. મગફળીની આવક વધુ હોવાથી નાફેડ દ્વારા વધારાની ૪ લાખ મેટ્રીક ટન મગફળી ટેકાના ભાવે ખરીદાય તે માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારમાં દરખાસ્ત કરી તે સત્વરે મંજૂર થશે. તેમ ખેતી નિયામક ભરતભાઇ મોદીએ જણાવ્યું છે.

મોદીએ કહ્યું કે, ૧૩૭ કેન્દ્રો કે જે એપીએમસીની અંદર કાર્યરત છે તેના પરથી મગફળી ખરીદી ચાલુ જ છે. કૃષિ નિયામકશ્રીએ જણાવ્યું કે, રાજ્ય સરકાર ગુણવત્તાયુકત મગફળી ખરીદી કરવા પ્રતિબદ્ધ છે.

ભરત મોદીએ રાજ્યમાં ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદીની વિગતો આપતાં કહ્યું કે, અત્યાર સુધી રૂા. ૩૪૯૫ કરોડની ૩૮૮.૪૦ લાખ મણ એટલે કે ૭.૭૬ લાખ મે.ટનની ખરીદી થઈ છે. જેનો ૪,૦૧,૧૮૭ ખેડૂતોએ લાભ લીધો છે. આજ સુધીમાં નોડલ એજન્સીઓ દ્વારા રૂા. ૨૫૮૪.૭૦ કરોડની ચૂકવણી સીધી જ ખેડૂતોના એકાઉન્ટમાં કરી દેવાઈ છે.

કેન્દ્ર સરકારે નક્કી કરેલ ટેકાનો ભાવ રૂા.૪૪૫૦/-ક્વિન્ટલ દીઠ છે તેના ઉપર રૂા. ૫૦/-નું બોનસ રાજ્ય સરકારે જાહેર કરીને રૂા. ૪૫૦૦/-ના ભાવે ખરીદી થઇ રહી છે. હાલ બજાર ભાવ રૂા. ૩૫૦૦થી ૩૬૦૦ ચાલી રહ્યો છે એટલે કે બજારભાવ કરતાં વધુ ભાવે ખેડૂતોના હિતમાં રાજ્ય સરકાર ટેકાના ભાવે મગફળી ખરીદી રહી છે.

# પ્રજાસત્તાક દિનની ઉજવણીના નામે થતાં તાયફાનો કોંગ્રેસ વિરોધ કરશે

મહેસાણામાં આગામી સમય રાજ્ય સરકારનો ૨૬ જાન્યુઆરીનો પ્રજાસત્તાક દિન ઉજવવામાં આવનાર છે જેને લઈને તંત્ર હાલમાં સજાગ બનવા ગયું છે જ્યારે આ સમગ્ર મામલે મહેસાણાના કોંગ્રેસ શહેર પ્રમુખે આ સમગ્ર મામલે વિરોધ કરવાનું નક્કી કર્યુંછે જ્યારે પાલિકાના ચીફ ઓફિસર સામે આક્ષેપમાં કહ્યુંછે કે ચીફ ઓફિસર હાલમાં ભાજપનું જ કામ કરે છે. જે અંગે તેમણે મુખ્યમંત્રીને પત્ર પણ પાઠવ્યો છે.

મહેસાણા જિલા આગમી ૨૬ તારીખના રોજ પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવનાર છે. રાજ્ય સરકારનો સમગ્ર કાર્યક્રમ મહેસાણાના પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં થનાર છે. સરકારી તંત્ર આ સમગ્ર મામલે થનગની રહ્યુંછે ઠેર ઠેર હાલમાં યુદ્ધના ધોરણે કામ ચાલી રહ્યું છે. રંગ રોગાન સહિત યુદ્ધના ધોરણે સાફ સફાઈ કરવામાં આવી રહી છે જે જોતા આ એજ તંત્ર છે જે બે વર્ષથી પાલિકામાં કામ નથી કરતુ. કારણ કે અહી કોંગ્રેસનું પાલિકામાં રાજ છે જો આ જ રીતે કામ કરશે તો કોંગ્રેસ પોતાનું કામ કઈ રીતે બતાવી શકશે જે મુદ્દે તેમણે પાલિકાના ચીફ ઓફિસર સહિત સરકારી તંત્ર હાલમાં ભાજપ પર કામ કરે છે તેમ આક્ષેપ કરીને પત્ર લખ્યો છે.

# બનાસકાંઠા જિલ્લામાં એ.ટી.એમ. બદલી ઠગાઈ કરતો શિક્ષક ઝડપાયો

## ભોળા-નિરીક્ષર લોકોને મદદના બહાને એ.ટી.એમ. બદલી દેતા શિક્ષકે ૭ ગુનાની કરી કબૂલાત

મીઠી વાતો અને માસૂમ ચહેરો બનાવી લોકો સાથે છેતરપિંડી કરતા શિક્ષક વાવ પોલીસના હાથે ચડી ગયો હતો. ભોળા માણસો ને મદદ કરવાના બહાને એ.ટી.એમ બહાર ઉભો રહી છેતરપિંડી કરનાર શિક્ષકને વાવ પોલીસે દબોચી લઈ તપાસ હાથ ધરતા આ શિક્ષક મહાશયએ સાતથી વધુ ગુના ની કબૂલાત કરતા ખુદ પોલીસ પણ ચોંકી ઉઠી હતી.



છળકપટથી એ.ટી.એમ બદલી એ.ટી.એમમાંથી રોકડ ઉપાડી લેતો ઈસમ વાવ પોલીસ ના હાથે ઝડપાયો છે. રાજસ્થાનના સાંચોર તાલુકાના ગંગાસરનો રહીશ દાનારામ વિભારામ ચૌધરી ને પોલીસે બાતમીને આધારે વાહન ચેકીંગ દરમ્યાન વાવ થરાદ હાઈવે પર થી ઝડપી લીધો હતો. જોકે આ ઈસમની પૂછપરછ દરમિયાન સાત જેટલા ઠગાઈના ભેદ ઉકેલાયા હતા.જોકે પોલીસ તપાસમા બી.એ.બી.એડ. થયેલો આ ઈસમ રાજસ્થાનનો પૂર્વ શિક્ષક હોવાનું ખુલ્યું હતું.

આરોપી દાનારામ ચૌધરીની મોડ્સ ઓપરેન્ડી પ્રમાણે વાવ અને થરાદ જેવા અંતરિયાળ વિસ્તારના ભોળા અને નિરક્ષર લોકોને તે ટાર્ગેટ બનાવતો હતો. એ.ટી.એમ.ની બહાર ઉભો રહી ભોળા લોકોનો લાભ ઉઠાવતો હતો. થરાદ-વાવ-ભાભર-લાખણી જેવા અંતરિયાળ વિસ્તારના લોકોને સામાન્ય રીતે એ.ટી એમ. વાપરતા આવડતું ન હોઈ આ શાંતીર ચોર આવા લોકો ની ભોળાઈ નો ફાયદો ઉઠાવી મદદ કરવાના બહાને તેમનું એ.ટી. એમ બદલી નાખતો અને બીજું એ.ટી.એમ પધરાવી દેતો હતો. જોકે, આ ઈસમે આવા વિસ્તારમાંથી સાત જેટલા લોકો ને શિકાર બનાવી રૂ.૧.૬૮ લાખ જેટલી રકમ અલગ અલગ લોકો ના અલગ અલગ એ.ટી.એમ.થી ઉપાડી ઘર ભેગી કરી હતી. ઘણા સમયથી એ.ટી.એમ ચોર દાનારામ પોલીસ માટે પણ માથા નો દુખાવો બની ગયો હતો. ત્યારે પોલીસે આજે દાનારામને બાતમી ને આધારે ઝડપી જિલ્લામા એ.ટી.એમ ઠગાઈના સાત જેટલા ગુનાઓનો ભેદ ઉકેલ્યો છે.

# થરાદ હાઈવે પર ભીક્ષા માંગતી અમદાવાદની આઠ યુવતીઓની અટકાયત

થરાદ ડીસા હાઈવે પર આવેલી આઈટીઆઈ પાસે શુક્રવારની બપોરના સુમારે આઠેક યુવતીઓ વાહનચાલકોને રોકાવીને



તેમની પાસેથી રૂપીયા માંગતી હતી.પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ કોઈ તેમને પૈસા ન આપેતો બળજબરી પણ કરીને ધમકીઓ પણ આપતી હતી.આથી કોઈએ આ બનાવની થરાદ પોલીસને જાણ કરતાં પોલીસ તમામની અટકાયત કરી ને મથકમાં લઈ આવી હતી.તેમજ તેમની પુછપરછ હાથ ધરી હતી.

પોલીસના જવાબમાં અમદાવાદના ઓઢવ વિસ્તારમાં રહેતી આ યુવતીઓએ તેમના માતાપિતા પર તેમની જેમ ભિક્ષાવૃતી અને છુટક મજુરી કરતાં હોઈ તથા એક મહિના પહેલાં અમદાવાદથી નિકળીને ડીસા આવી હતી.તેમજ ડીસા રેલવેસ્ટેશન પર રહી કોઈ ધંધો નહી હોવાના કારણે આજીવિકા માટે પૈસા માંગતી હતી.જોકે તેમણે કોઈની સાથે અસભ્યતાપુર્વક વર્તન કે બળજબરી પુર્વક પૈસા માંગ્યા નથી કે તેઓ કોઈ લુંટચલાવનાર ગેંગની સભ્ય પણ નથી.તેવા લેખિતમાં જવાબ આપતાં પોલીસે પીન્કીબેન જગદીશભાઈ બારોટ (વૈવંચા), મંજુબેન કિશનભાઈ બારોટ, મંજુબેન રાજુભાઈ બારોટ, સોનુબેન મહેશભાઈ બારોટ, આરતીબેન મહેશભાઈ બારોટ, માલાબેન ઉમાશંકર બારોટ, મનીષાબેન રમેશભાઈ બારોટ તથા ભાવનાબેન મહેશભાઈ બારોટ ને છોડી મુકી દીધી હતી.

# ગાંધીનગર ટોપ ઓલમ્પીયાડમાં યુનિક-યુ સ્કૂલનો નોંધપાત્ર દેખાવ

ઈડર, તા. ૧૯
યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ, ઈડર પ્રાથમિક કક્ષાએથી જ સ્પર્ધાત્મક પરીક્ષાઓની પદ્ધતિસરની તાલીમ આપે છે. તાજેતરમાં ટોપ એજ્યુકેશન, ગાંધીનગર દ્વારા જીટીઓ-૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાની આઠથી વધુ શાળાઓનાં શ્રેષ્ઠ દેખાવ કરનાર ૫૧ બાળકોની પસંદગી કરવામાં આવી હતી. આ ૫૧માંથી ૨૦ બાળકો યુનિક-યુ સ્કૂલના પસંદગી પામ્યા છે. ૮ થી વધુ સ્કૂલના કુલ બાળકોમાંથી ૪૦ ટકા બાળકો યુનિક-યુ સ્કૂલમાં પસંદ થયા છે. એ શાળાની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે પદ્ધતિસરની તાલીમને આભારી છે. યુનિક-યુ સ્કૂલમાં ધો. ૩ થી મેન્ટલ મેથ, રીડીંગ કોમ્પ્રીહેન્સન, શબ્દભંડોળ, રીઝનીંગ, સામાન્ય જ્ઞાન તથા વિજ્ઞાનની પ્રાયોગિક તાલીમ ઉપર ભાર મુકવામાં આવે છે. ગાંધીનગરથી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે નિષ્ણાત શિક્ષકોને ઈડર લાવી તાલીમ આપવામાં આવે છે. યુનિક-યુ સ્કૂલવતી શાળા સમયમાંજ સ્પર્ધાત્મકતાની તાલીમ માટે આચાર્ય હર્ષદભાઈ પટેલ, જીગ્નેશભાઈ બારોટ, વિનોદભાઈ પટેલ, કલ્પેશભાઈ પટેલ તથા ચેતન રાવલ દ્વારા વિશેષ પ્રયત્નો કરાય છે.

મેડીકલ, એન્જીનિયરીંગ અને અન્ય કોર્ષમાં પ્રવેશ માટે રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાત્મક પરીક્ષાઓ ફરજીયાત બની છે. ત્યારે પ્રાથમિક કક્ષાએથીજ આવા પ્રયત્નો જરૂરી છે. યુનિક-યુ સ્કૂલના સ્પર્ધાત્મકતા માટેના પ્રયત્નો નોંધપાત્ર દેખાવની વાલીગણ શિક્ષકપ્રેમીઓએ ખૂબ જ હકારાત્મક નોંધ લીધી છે.